# શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય

## રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા

http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા. ૧૫.૦૨.૨૦૧૭**

કચ્છ જીલ્લાનાં મોખાણા ગામના લોકો પર ભાજપની સરકારે તંત્ર દ્વારા કરવામાં આવેલ અમાનુષી વ્યવહારનો કોંગ્રેસના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે વિરોધ કર્યો છે. ઘર વપરાશમાં વપરાતી વીજળી ટકાવારીની દ્રષ્ટિએ ખુબજ નહિવત છે. જયારે ઉદ્યોગોમા વપરાતી વીજળીનું પ્રમાણ ટકાવારીની દ્રષ્ટિએ ખુબ મોટું છે. ભાજપની સરકારના માનીતા ઉદ્યોગપતિઓ કરોડોની વીજચોરી કરે છે તેને ભાજપની સરકાર જ છાવરે છે. જયારે ગામડામાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો ઉપર વીજ ચેકિંગના નામે આંતક ફેલાવવામાં આવે છે. કચ્છ જીલ્લાના મોખાણા ગામ ખાતે ગઈકાલે જાણે કોઈ આંતકવાદીઓનું ગામ હોય તેમ પી.જી.વી.સી.એલ.ના તથા પોલીસના ધાડા ઉતારવામાં આવ્યા હતા. નાના એવા ગામના સામાન્ય લોકો પર પોલીસ ધ્વારા અમાનુષી વ્યવહાર કરવામાં આવ્યો હતો. પી.એસ.આઈ. ધ્વારા લોકો પર સીધો ગોળીબાર કરવાથી સામાન્ય ગ્રામજનોને ગંભીર ઈજાઓ પહોચી છે. ભાજપની સરકાર નાના ગ્રામજનોને પરેશાન કરવાનું બંધ કરે અને મોટા ઉદ્યોગપતિઓ કે જેઓ કરોડોની વીજચોરી કરે છે તેની સામે કડક પગલા ભરે તેવી માંગ કરવામાં આવી છે.

ખેડૂત એ જગતનો તાત છે અને જેમ માંના ધાવણ પર દીકરાનો અધિકાર હોય તેમ પાણી પર ખેડૂતનો પ્રથમ અધિકાર છે. ગઈકાલે સાણંદ તાલુકાના ખેડૂતો કે જેમાંનાં મોટા ભાગના કોળી સમાજ (બક્ષીપંચ) ના નાના ખેડૂતો હતા તેઓ પોતાની જમીન માટે પાણીની માંગ કરી રહ્યા હતા ત્યારે ભાજપની સરકારના ઈશારે અને ઉદ્યોગપતિઓના લાભાર્થે ખેડૂતો પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો તે ભાજપની ખેડૂત વિરોધી નીતિનું દર્શન કરાવે છે. ઊલટો ચોર કોટવાળને દંડે તે રીતે ખેડૂતોને બેફામ મારમાર્યા બાદ ખેડૂતો પર ૩૦૭ જેવી ગંભીર કલમો લગાડીને ભાજપ સરકારે સત્તાના દુરુપયોગનો નમુનો પૂરો પાડ્યો છે. સાણંદ તાલુકો સિંચાઈના કમાન્ડમાં આવરી ખેડૂતોને અગ્રતાથી પાણી આપવા સરકારે કામ કરવું જોઈએ તેના બદલે ભાજપની સરકાર ખેડૂતોના અધિકારનું પાણી ઝુંટવી લઈ ને ઉદ્યોગોને પાણી આપી રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે ખેડૂતો ઉપર કરવામાં આવેલ કેસો તાત્કાલિક પરત ખેંચવા અને સાણંદ તાલુકાના ખેડૂતોને સિંચાઈનું પાણી તાત્કાલિક પૂરું પાડવા માંગ કરી છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. શક્તિસિંહ ગોહિલે વિનંતી કરેલ છે.

Sunil Rami

**(સુનિલ રામી)**

અંગત મદદનીશ